# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી :-

# રૈયા વિસ્તારમાં બનતા એલ.આઈ.જી અને એમ.આઈ.જી પ્રકારના આવાસ સાઈટ અને નાનામવા રોડ પરના સ્ટોર ની વિઝિટ કરતા  મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા :

આવાસની કામગીરી ઝડપથી પૂર્ણ કરી ફાળવણી માટેની પ્રક્રિયા આગળ ધપાવવા અને સ્ટોર ખાતે વર્ગીકૃત રેકર્ડ સાચવવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના પણ અપાઈ

તા. ૨૩-૦૯-૨૦૨૧







રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૈયા વિઓસ્તારમાં ટીપી સ્કીમ નંબર-૯મા બની રહેલા **રૈયા વિસ્તારમાં બનતા એલ.આઈ.જી અને એમ.આઈ.જી પ્રકારના આવાસ સાઈટ** ની મ્યુનિ. કમિશનર શ્રી અમિત અરોરાએ આજરોજ તા. ૨૩-૦૯-૨૦૨૧ના રોજ સવારે મુલાકાત લઈ આવાસ પ્રોજેક્ટસની પ્રગતિ નિહાળી હતી. તેમજ આ બંને આવાસ યોજનાઓની કામગીરી ઝડપભેર પુરી કરી લાભાર્થીઓને તેની ફાળવણી કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવા સૂચના આપી હતી.

**એમ.આઈ.જી પ્રકારના આવાસ સાઈટ ખાતે શોપિંગ સેન્ટર પણ બનાવવામાં આવેલ છે. તેમાં ૩૪ દુકાનો બનાવાઈ છે. આ દુકાનોની હરાજીની પ્રક્રિયા શકય તેટલી ઝડપથી હાથ ધરવા કમિશનરશ્રીએ સૂચના આપી હતી.**

**અત્રે એ નોંધનીય છે કે, એલ.આઈ.જી. પ્રકારની આવાસ યોજનામાં ૧૪૪ અને રૈયા ઉપરાંત મવડી અને વાવડી ખાતેની સાઈટ પર  એમ.આઈ.જી. પ્રકારના કુલ ૧૬૪૮ આવસો બનાવવામાં આવી રહયા છે.**

**દરમ્યાન કમિશનરશ્રીએ આજે નાનામવા મેઈન રોડ પર મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ સ્ટોરમાં જે તે શાખાનું વર્ગીકૃત રેકર્ડ વ્યવસ્થિત ઢબે સાચવવામાં આવે તે પ્રકારે વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવેલ છે.**

**આ મુલાકાત દરમ્યાન ડી.એમ.સી. શ્રી એ.આર.સિંહ, સિટી એન્જિનિયર શ્રી અલ્પનાબેન મિત્રા, ટીપીઓ શ્રી એમ.ડી.સાગઠીયા, પી.એ.(ટેક)ટુ કમિશનર શ્રી રસિક રૈયાણી, સહાયક કમિશનર શ્રી એચ.કે.કગથરા, ડેપ્યુટી એન્જિનિયર શ્રી પરેશ પટેલ, આસી. મેનેજર શ્રી ઉનાવા વગેરે હાજર રહયા હતાં.**

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા